<table>
<tr><td rowspan="5">GJVD070008662026</td><td>રજુ કર્યા તારીખ</td><td colspan="3">૨૭/૦૨/૨૦૨૬</td></tr>
<tr><td>દાખલ તારીખ</td><td colspan="3">૨૭/૦૨/૨૦૨૬</td></tr>
<tr><td>ફેંસલ તારીખ</td><td colspan="3">૦૫/૦૩/૨૦૨૬</td></tr>
<tr><td rowspan="2">સમયમર્યાદા</td><td>દિવસ</td><td>માસ</td><td>વર્ષ</td></tr>
<tr><td>૦૬</td><td>૦૦</td><td>૦૦</td></tr>
</table>

**<u>ડભોઈના એડીશ્નલ ચીફ જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ (શ્રીમતી એન.એ.ચોક્સી) સાહેબની અદાલતમાં, મુ. ડભોઈ.</u>**

**ફોજદારી કેસ નંબર – ૭૬૮/૨૦૨૬**
**આંક–**

**ફરીયાદીઃ–** **શ્રી સરકાર**
(મુળ ફરીયાદી વિજયભાઈ બુધાભાઈ વાઘેલા)

**<u>વિચરુદ્ધ</u>**

**આરોપીઃ–** **રાકેશભાઈ જયંતિભાઈ વસાવા, ઉ.વ.૩૬**
રહે.–નવી નગરી, ભાથુજી મંદિરની બાજુમાં,
સયાજીપુરા ગામ, તા.જી.વડોદરા.

**ગુન્હોઃ–** **<u>બી.એન.એસ. કલમ–૩૦૩(૨) મુજબ</u>**

**રજુઆતઃ–** ફરીયાદી તરફે વિદ્વાન એપીપી શ્રી એન.એમ.તળપદા
આરોપી તરફે પ્રોકસી વિદ્વાન વકીલશ્રી એસ.એલ.પટેલ

**–: <u>ઠરાવ</u> :–**

(૧) આ કામે ફરીયાદપક્ષની ફરીયાદની ટુંકમાં હકીકત એવી છે કે, આ કામના ફરીયાદીને તા.૧૫/૦૧/૨૦૨૬ ના રોજ સવારે આશરે

સાડા નવેક વાગે નોકરી જવાનું હોવાથી તેમનો દીકરો હાર્દિકભાઈ વાઘેલાનાઓ ફરીયાદીની માલીકીની હીરો કંપનીની બ્લ્યુ તથા કાળા કલરની પેશન પ્રો. મોટર સાયકલ જેનો રજી.GJ–06–MP–9330 ની લઈને શિનોર ચોકડી ખાતે મુકવા આવેલ અને ત્યાંથી રાધે કોમ્પલેક્ષ સામે આવેલ બેંક ઓફ બરોડામાં નોકરી કરવા ગયેલ. ત્યાં તેણે બેંકની બહાર સદરહુ મોટર સાયકલ પાર્ક કરેલ અને બેંકમાં જતો રહેલ. બાદમાં બપોરના આશરે ૦૧/૦૦ વાગે લંચ ટાઈમ થતા તેણે બહાર આવી તપાસ કરેલ તો ફરીયાદીની હીરો કંપનીની બ્લુ તથા કાળા કલરની પેશન પ્રો. મોટર સાયકલ મળી આવેલ નહી. જેથી આજુબાજુમાં તપાસ કરેલ. પરંતુ મળી આવેલ નહી. જેથી ફરીયાદીએ તા.૦૩/૦૧/૨૦૨૬ ના રોજ મોટર સાયકલની ચોરી બાબતે ઈ–એફ.આઈ.આર દ્વારા ઓનલાઈન ફરીયાદ નોંધાવેલી. જે મોટર સાયકલ તેઓના નામે છે જેનો એન્જીન નં.HA10ACK5J06840 નો તથા ચેસીસ નં.MBLHAW016K5J41009 નો છે. જે મોટર સાયકલ ૨૦૧૯ ના મોડેલની હતી, જેની આશરે કીંમત રૂ.૨૫,૦૦૦/– ગણી શકાય. જે તા. ૧૫/૦૧/૨૦૨૬ ના સવારના ૧૦/૦૦ થી ૦૧/૦૦ વગ્યાના અરસામાં કોઈ ચોર ઈસમ ચોરી કરી લઈ ગયેલ. જેથી ફરીયાદીએ સદરહું બનાવ સંદર્ભે ચોર ઈસમ વિરુદ્ધ કાયદેસર તપાસ થવા ડભોઈ પોલીસ સ્ટેશનમાં ફરીયાદ નોંધાવેલ. ફરીયાદીની આ ફરીયાદના આધારે ડભોઈ પોલીસ સ્ટેશને ગુના રજી. નંબર–પાર્ટ–એ ૧૧૧૯૭૦૧૪૨ ૬૦૨૨૩/૨૦૨૬, તા.૦૪/૦૨/૨૦૨૬ થી આરોપી વિરુદ્ધ બી.એન.એસ. કલમ–૩૦૩(૨) મુજબનો ગુન્હો દાખલ કરેલ. ત્યારબાદ તપાસ કરનાર અધિકારીશ્રીએ તપાસ કરી, તપાસના અંતે જરૂરી પુરાવો એકત્રિત કરી, આરોપી વિરુદ્ધ પુરતો પુરાવો મળી આવતા, હાલનું ચાર્જશીટ અત્રેની અદાલતમાં રજુ કરેલ છે.

(૨) આ કામે પોલીસ અહેવાલ રજુ થતા, આરોપીને પ્રોસેસ ઈસ્યુ કરતા, પ્રોસેસ બજતા, આરોપી કોર્ટ રૂબરૂ હાજર થયેલ છે. ત્યારબાદ આરોપીને **ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા,૨૦૨૩ ની કલમ–૨૩૦** અન્વયે પોલીસ પેપર્સની નકલો આપ્યાની ખાત્રી કર્યા બાદ આંક–૦૪ થી આરોપી સામે તહોમતનામું ફરમાવી, આંક–૦૫ થી આરોપીની પ્લી રેકર્ડ કરવામાં આવેલ છે. જેમાં આરોપીએ ગુનાની કબુલાત નહીં કરતા, સદરહું કેસ ફરીયાદપક્ષના પુરાવા સારું મુકરર કરવામાં આવેલ.

(૩) આ કામે ફરીયાદપક્ષે નીચે મુજબનો મૌખિક તથા દસ્તાવેજી પુરાવો રજુ થયેલ છે.

**–: મૌખિક તથા દસ્તાવેજી પુરાવો :–**

(૩–અ) **મૌખિક પુરાવાઓ**

| અ.નં. | પુરાવાનું વર્ણન | આંક |
|---|---|---|
| ૧ | ફરીયાદી વિજયભાઈ બુધાભાઈ વાઘેલાની જુબાની | ૦૬ |
| ૨ | પંચસાહેદ અઝીજભાઈ ઈબ્રાહીમભાઈ ખલીફાની જુબાની | ૦૮ |

(૩–બ) **દસ્તાવેજી પુરાવોઃ–**

| અ.નં. | નામ | આંક |
|---|---|---|
| ૧ | ફરીયાદ | ૦૭ |
| ૨ | મુદામાલ કબજે કર્યાનુ પંચનામુ | ૦૯ |
| ૩ | શરીર સ્થિતીનું પંચનામુ | ૧૦ |
| ૪ | ગુનાવાળી જગ્યાનુ પંચનામુ | ૧૧ |
| ૫ | કલોઝીંગ પુરસીષ | ૧૨ |

(૪) આ કામે કેસનું રેકર્ડ અને પ્રોસીડીંગ્સ તથા આરોપી વિરુદ્ધ રજુ થયેલ પુરાવો ધ્યાને લેતાં, **ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા,૨૦૨૩ ની કલમ–૩૫૧** અન્વયેનું વિશેષ નિવેદન નોંધવા જેટલો પુરતો પુરાવો ફરીયાદપક્ષે રજુ થયેલ ન હોય, આરોપીનું વિશેષ નિવેદન નોંધવામાં આવેલ નથી.

(૫) આ કામે ફરીયાદપક્ષ તરફે વિદ્ધાન એપીપીશ્રી એન.એમ.તળપદા તેમજ આરોપી તરફે પ્રોકસી વિદ્ધાન વકીલશ્રી એસ.એલ.પટેલ નાઓની મૌખિક દલીલો સાંભળેલ છે.

(૬) ઉપરોક્ત કેસના ન્યાયિક નિર્ણય માટે નીચે મુજબના મુદ્દાઓ ઉપસ્થિત થાય છે.

– **<u>મુદ્દાઓ</u>** –

**૧.** શું ફરીયાદપક્ષ એ હકીકત નિઃશંકપણે પુરવાર કરે છે કે, તા.૧૫/૦૧/૨૦૨૬ ના રોજ આ કામના ફરીયાદીની માલિકીની હીરો કંપનીની પેશન પ્રો. મોટર સાયકલ જેનો રજી.GJ–06–MP–9330 ની રાધે કોમ્પલેક્ષ સામે આવેલ બેંક ઓફ બરોડાની બહાર સદરહુ મોટર સાયકલ પાર્ક કરેલ અને બપોરના આશરે ૦૧/૦૦ વાગે લંચ ટાઈમ થતા બહાર આવી તપાસ કરેલ તો તમો આરોપીએ ફરીયાદીની મોટર સાયકલ જેની આશરે કી.રૂ.૨૫,૦૦૦/– ગણી શકાય તે મોટર સાયકલની ચોરી કરી પકડાઈ જઈ, બી.એન.એસ. કલમ–૩૦૩(૨) મુજબનો શિક્ષાપાત્ર ગુનો અત્રેની અદાલતની હકૂમતમાં કરેલ છે ?

**૨.** શું હુકમ ?

(૭) ઉપરોક્ત મુદ્દાઓ પરત્વે મારા ન્યાયિક નિર્ણયો નીચે મુજબ છે.

**૧. નકારમાં,**

૨. આખરી હુકમ મુજબ.

(૮) ઉપરોક્ત નિર્ણયો માટેના મારા કારણો નીચે મુજબ છે.

– **<u>નિર્ણય માટેના કારણો</u>** –

**<u>મુદ્દા નંબર–૧–</u>**

(૯) આ કામે ફરીયાદપક્ષ દ્વારા આંક–૦૬ થી મુળ ફરીયાદી વિજયભાઈ બુધાભાઈ વાઘેલાને તપાસવામાં આવેલા છે. જેમણે પોતાની સોગંદ ઉપરની જુબાનીમાં જણાવેલ છે કે, તેઓ સેગવા ખાતે બેંક ઓફ બરોડામાં કલાર્ક તરીકે ૧૪ વર્ષથી નોકરી કરે છે. તેઓ પાસે હીરો કંપનીની પેશન પ્રો. મોટર સાયકલ નંબર–જી.જે.એન.પી.૯૩૩૦ ની છે. તા.૧૫.૦૧.૨૦૨૬ ના રોજ સાડા નવ વાગે તેઓને સેગવા નોકરી જવાનુ હોય, તેમનો છોકરો હાર્દિક તેઓને મોટરસાયકલ લઈને શીનોર ચોકડી મુકવા આવેલ. ત્યારબાદ તે રાધે કોમ્પલેક્ષમાં આવેલ બેંક ઓફ બરોડામાં નોકરી કરતો હોય, ત્યાં તેમની માલિકીની મોટરસાયકલ લઈને ગયેલ હોય, ત્યાં બેંકની બહાર મોટર સાયકલ પાર્ક કરી, બેંકમાં ગયેલ તેના બપોરના આશરે ૦૧ વાગે લંચ ટાઈમ થતાં, બહાર આવી તપાસ કરતા તેમની હિરો કંપનીની બ્લ્યુ કાળા કલરની મોટરસાયકલ મળી આવેલ નહી. જે અંગે તેમના છોકરાએ તેમને જાણ કરેલી. તેમની બાઈક ચોરી થયાના એક અઠવાડીયા પછી તેઓએ મોટરસાયકલ ચોરી બાબતે એફ.આઈ.આર કરાવેલ. તેઓએ બનાવની ફરીયાદ આપેલી. જે ફરીયાદ આ કામે આંક–૦૭ થી રજુ છે, જેમાં તેઓ પોતાની સહી ઓળખી બતાવે છે. તેમની મોટરસાયકલ કોણ ચોરી ગયેલુ તેની તેમને ખબર નથી. તેઓની મોટરસાયકલ ડભોઈ પોલીસ સ્ટેશનથી તેઓને પરત મળી ગયેલ છે. જેથી, તેઓને હવે કોઈ મનદુઃખ કે તકરાર ફરીયાદ બાબતે રહેલ નથી. જેથી, સદર કેસ તેઓને આગળ ચલાવવો નથી.

– આરોપીપક્ષ તરફે ઉલટતપાસ નથી.

(૧૦) આ કામે ફરીયાદપક્ષ દ્વારા આંક–૦૯ થી રજુ મુદ્દામાલ રીકવરી પંચનામાના પંચસાહેદ અઝીજભાઈ ઈબ્રાહીમભાઈ ખલીફાને આંક–

૦૮ થી તપાસવામાં આવેલા છે. આ પંચસાહેદે પોતાની સોગંદ ઉપરની જુબાનીમાં તા.૦૫.૦૨.૨૦૨૬ ના રોજ ડભોઈ પોલીસે તેઓને તથા તેમના સાથી પંચ મુસ્તાકભાઈ હસનભાઈ સૈયદને બોલાવેલા. ત્યાં ડભોઈ પોલીસે તેઓને એક લખેલ તૈયાર કાગળમાં સહી કરાવેલી, તથા મુસ્તાકભાઈની સહી કરાવેલી. તે લખાણ કઈ બાબતનું હતુ તેની તેમને ખબર નથી.

– આમ, ઉપરોક્ત પંચસાહેદે પંચનામાની હકીકતોને સમર્થનકારી હકીકત જણાવતા ન હોવાથી વિદ્ધાન એપીપીશ્રી દ્ધારા સદરહું પંચસાહેદને વિમુખ થયેલા સાહેદ તરીકે જાહેર કરવામાં આવેલ છે.

– બચાવપક્ષ ધ્વારા કરવામાં આવેલ ઉલટતપાસમાં પંચસાહેદે એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, પોલીસે તૈયાર કરેલ પંચનામામાં સહી કરાવેલી. તે સિવાય તેઓ કાંઈ જાણતા નથી.

**(૧૧)** આ કામે આંક–૦૭ થી ફરીયાદ, આંક–૦૯ થી મુદામાલ કબજે કર્યાનુ પંચનામુ, આંક–૧૦ થી શરીર સ્થિતીનું પંચનામુ, આંક–૧૧ થી ગુનાવાળી જગ્યાનુ પંચનામુ રજુ કરવામાં આવેલ છે. જે દસ્તાવેજી પુરાવાઓ પૈકી પંચનામાઓની હકીકતને પંચસાહેદની જુબાનીથી સમર્થન મળી રહેતુ નથી. ફરીયાદીએ પોતાની ફરીયાદમાં તેઓની મોટર સાયકલની ચોરીની હકીકતને સમર્થન આપેલ છે પરંતુ તે ચોરીના ગુના સાથે આરોપીને સાંકળી શકાય તેવો કોઈ પુરાવો રજુ કરેલ નથી.

**(૧૨)** આમ, ફરીયાદપક્ષ દ્ધારા તપાસવામાં આવેલા ફરીયાદીનો પુરાવો ધ્યાને લેતાં, ફરીયાદીના દિકરાએ તા.૧૫/૦૧/૨૦૨૬ ના રોજ રાધે કોમ્પલેક્ષ સામે આવેલ બેંક બરોડાની બહાર તેમની મોટર સાયકલ પાર્ક કરેલ, જે કોઈ ઈસમે ચોરી કરેલ હોવાની હકીકતને સમર્થન આપેલ છે. પરંતુ, પોતાની સોગંદ ઉપરની જુબાનીમાં એવું

જણાવેલ છે કે, તેમની મોટરસાયકલ કોણ ચોરી ગયેલુ તેની તેમને ખબર નથી. તેઓની મોટરસાયકલ ડભોઇ પોલીસ સ્ટેશનથી તેઓને પરત મળી ગયેલ છે. જેથી, તેઓને હવે કોઈ મનદુઃખ કે તકરાર ફરીયાદ બાબતે રહેલ નથી. જેથી હાલના આરોપીએ ફરીયાદીની નજર ચુકવી તેઓની મોટર સાયકલની ચોરી કરેલ હોય તે હકીકતને સમર્થન કરતા નથી. તથા ગુનાવાળી જગ્યાના પંચસાહેદ પંચનામાની હકીકતને સમર્થન આપેલ નથી અને હોસ્ટાઈલ જાહેર થયેલા છે. આમ, સદરહું ચોરીના ગુના સાથે હાલના આરોપીને સાંકળી શકાય તેટલો પુરતો પુરાવો રજુ કરવામાં ફરીયાદપક્ષ સફળ રહેલ નથી. આ રીતે ફરીયાદપક્ષ હાલના આરોપીને આક્ષેપિત ગુના સાથે સાંકળતો પુરાવો રજુ કરવામાં સફળ રહેલ ન હોય, મુદ્દા નંબર–૧ નો જવાબ નકારમાં આપી, મુદ્દા નંબર–૨ પરત્વે નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

**– <u>આખરી હુકમ</u> –**

૧. આ કામના આરોપી **રાકેશભાઈ જયંતિભાઈ વસાવા** રહે– નવી નગરી, ભાથુજી મંદિરની બાજુમાં, સયાજીપુરા ગામ, તા.જી.વડોદરાઓને **ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા, ૨૦૨૩ની કલમ–૨૭૧(૧) અન્વયે** બી.એન.એસ. કલમ –૩૦૩(૨) મુજબના શિક્ષાપાત્ર ગુનામાંથી નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

૨. આરોપી હાલમાં જ્યુડીશીયલ કસ્ટડીમાં હોવાથી અને તેમની પાસે જામીનદારની વ્યવસ્થા ન હોવાથી **ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા, ૨૦૨૩ની કલમ–૪૮૧** અન્વયે છ માસ સુધીના સમયગાળા માટે રૂા.૫૦૦૦/– (અંકે રૂપિયા પાંચ હજાર પુરા) ના જાતમુચરકા રજુ કરવાનો હુકમ કરવામાં આવે છે.

3. આ કામે મુદ્દામાલ પાવતીમાં જણાવેલ મુદ્દામાલ હીરો કંપનીની બ્લ્યુ તથા કાળા કલરની પેશન પ્રો. મોટર સાયકલ જેનો રજી.GJ-06-MP-9330 સંદર્ભે કરવામાં આવેલ વચગાળાનો હુકમ આથી કાયમ કરવામાં આવે છે.

**ચુકાદો** આજરોજ તારીખ **૦૫** મી, માહે **માર્ચ,** સને **૨૦૨૬** ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી, સહી કરી જાહેર કર્યો.

ડભોઈ.
તા.૦૫/૦૩/૨૦૨૬

**(શ્રીમતી નીતા અજયકુમાર ચોક્સી)**
એડીશનલ ચીફ જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ,
ડભોઈ.
**જીજે ૦૦૮૪૩**

જે.વી.કેસરિયા પી.એ.